# PAPER-II
# GUJARATI

**Signature and Name of Invigilator**

1. (Signature) ____________________________
   (Name) ____________________________
2. (Signature) ____________________________
   (Name) ____________________________

OMR Sheet No. : ..............................................
(To be filled by the Candidate)

Roll No. | | | | | | | | |
(In figures as per admission card)

Roll No.____________________________________
(In words)

**D 3 7 1 0**

Time : 1 $^1/_4$ hours] [Maximum Marks : **100**

Number of Pages in this Booklet : **8** Number of Questions in this Booklet : **50**

## Instructions for the Candidates

1. Write your roll number in the space provided on the top of this page.
2. This paper consists of fifty multiple-choice type of questions.
3. At the commencement of examination, the question booklet will be given to you. In the first 5 minutes, you are requested to open the booklet and compulsorily examine it as below :
   (i) To have access to the Question Booklet, tear off the paper seal on the edge of this cover page. Do not accept a booklet without sticker-seal and do not accept an open booklet.
   (ii) **Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of 5 minutes. Afterwards, neither the Question Booklet will be replaced nor any extra time will be given.**
   (iii) After this verification is over, the OMR Sheet Number should be entered on this Test Booklet.
4. Each item has four alternative responses marked (A), (B), (C) and (D). You have to darken the oval as indicated below on the correct response against each item.
   **Example :** (A) (B) ● (D)
   where (C) is the correct response.
5. Your responses to the items are to be indicated in the **Answer Sheet given inside the Paper I Booklet only.** If you mark at any place other than in the ovals in the Answer Sheet, it will not be evaluated.
6. Read instructions given inside carefully.
7. Rough Work is to be done in the end of this booklet.
8. If you write your name or put any mark on any part of the test booklet, except for the space allotted for the relevant entries, which may disclose your identity, you will render yourself liable to disqualification.
9. You have to return the test question booklet and OMR Answer sheet to the invigilators at the end of the examination compulsorily and must not carry it with you outside the Examination Hall.
10. **Use only Blue/Black Ball point pen.**
11. **Use of any calculator or log table etc., is prohibited.**
12. **There is no negative marks for incorrect answers.**

## परीक्षार्थियों के लिए निर्देश

1. पहले पृष्ठ के ऊपर नियत स्थान पर अपना रोल नम्बर लिखिए ।
2. इस प्रश्न-पत्र में पचास बहुविकल्पीय प्रश्न हैं ।
3. परीक्षा प्रारम्भ होने पर, प्रश्न-पुस्तिका आपको दे दी जायेगी । पहले पाँच मिनट आपको प्रश्न-पुस्तिका खोलने तथा उसकी निम्नलिखित जाँच के लिए दिये जायेंगे, जिसकी जाँच आपको अवश्य करनी है :
   (i) प्रश्न-पुस्तिका खोलने के लिए उसके कवर पेज पर लगी कागज की सील को फाड़ लें । खुली हुई या बिना स्टीकर-सील की पुस्तिका स्वीकार न करें ।
   (ii) कवर पृष्ठ पर छपे निर्देशानुसार प्रश्न-पुस्तिका के पृष्ठ तथा प्रश्नों की संख्या को अच्छी तरह चैक कर लें कि ये पूरे हैं । दोषपूर्ण पुस्तिका जिनमें पृष्ठ/प्रश्न कम हों या दुबारा आ गये हों या सीरियल में न हों अर्थात किसी भी प्रकार की त्रुटिपूर्ण पुस्तिका स्वीकार न करें तथा उसी समय उसे लौटाकर उसके स्थान पर दूसरी सही प्रश्न-पुस्तिका ले लें । इसके लिए आपको पाँच मिनट दिये जायेंगे । उसके बाद न तो आपकी प्रश्न-पुस्तिका वापस ली जायेगी और न ही आपको अतिरिक्त समय दिया जायेगा ।
   (iii) इस जाँच के बाद OMR पत्रक की क्रम संख्या इस प्रश्न-पुस्तिका पर अंकित कर दें ।
4. प्रत्येक प्रश्न के लिए चार उत्तर विकल्प (A), (B), (C) तथा (D) दिये गये हैं । आपको सही उत्तर के दीर्घवृत्त को पेन से भरकर काला करना है जैसा कि नीचे दिखाया गया है ।
   उदाहरण : (A) (B) ● (D)
   जबकि (C) सही उत्तर है ।
5. प्रश्नों के उत्तर केवल प्रश्न पत्र I के अन्दर दिये गये उत्तर-पत्रक पर ही अंकित करने हैं । यदि आप उत्तर पत्रक पर दिये गये दीर्घवृत्त के अलावा किसी अन्य स्थान पर उत्तर चिह्नांकित करते हैं, तो उसका मूल्यांकन नहीं होगा ।
6. अन्दर दिये गये निर्देशों को ध्यानपूर्वक पढ़ें ।
7. कच्चा काम (Rough Work) इस पुस्तिका के अन्तिम पृष्ठ पर करें ।
8. यदि आप उत्तर-पुस्तिका पर अपना नाम या ऐसा कोई भी निशान जिससे आपकी पहचान हो सके, किसी भी भाग पर दर्शाते या अंकित करते हैं तो परीक्षा के लिये अयोग्य घोषित कर दिये जायेंगे ।
9. आपको परीक्षा समाप्त होने पर प्रश्न-पुस्तिका एवं OMR उत्तर-पत्रक निरीक्षक महोदय को लौटाना आवश्यक है और परीक्षा समाप्ति के बाद उसे अपने साथ परीक्षा भवन से बाहर न लेकर जायें ।
10. केवल नीले/काले बाल प्वाईंट पेन का ही इस्तेमाल करें ।
11. किसी भी प्रकार का संगणक (कैलकुलेटर) या लाग टेबल आदि का प्रयोग वर्जित है ।
12. गलत उत्तरों के लिए कोई अंक काटे नहीं जाएँगे ।

# GUJARATI
# ગુજરાતી
## Paper – II
## પ્રશ્નપત્ર – II

**Note :** This paper contains **fifty (50)** objective type questions, each question carrying **two (2)** marks. Attempt **all** the questions.

**નોંધ :** આ પ્રશ્નપત્રમાં **પચાસ (૫૦)** હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નના **બે (૨)** ગુણ છે. ઉમેદવારે બધા પ્રશ્નોના ઉત્તર આપવાના છે.

**1.** નીચેનામાંથી કઈ કૃતિ કુલમંડનસૂરિની છે ?
(A) બાલાવબોધ - મૌક્તિક
(B) મુગ્ધાવબોધ - મૌક્તિક
(C) તરુણાવબોધ - મૌક્તિક
(D) કુલાવબોધ - મૌક્તિક

**2.** 'ઊઠ જાગ મુસાફિર ભોર ભઈ......' પંક્તિના કર્તા કોણ છે ?
(A) નિષ્કુળાનંદ
(B) મુક્તાનંદ
(C) પ્રેમસખી
(D) બ્રહ્માનંદ

**3.** 'એક મૂરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ' પંક્તિનો છંદ કયો છે ?
(A) રોળા
(B) દોહરો
(C) ચોપાઈ
(D) ઝૂલણા

**4.** નીચેનામાંથી કયા કવિ કબીરપંથી છે ?
(A) દાસી જીવણ
(B) પ્રેમસખી
(C) બાપુસાહેબ ગાયકવાડ
(D) વિષ્ણુદાસ

**5.** 'આ વાદ્યને કરુણ ગાન વિશેષ ભાવે' પંક્તિના કર્તા કોણ છે ?
(A) નર્મદ
(B) કલાપી
(C) નરસિંહરાવ
(D) કાન્ત

**6.** 'જનાવરની જાન' કાવ્યના કવિનું નામ જણાવો.
(A) નવલરામ
(B) દલપતરામ
(C) મનહરરામ
(D) મલબારી

**7.** વનવેલી છંદના શોધક કોણ છે ?
(A) ખબરદાર
(B) નર્મદ
(C) ભોળાનાથ દિવેટિયા
(D) કેશવ ધ્રુવ

**8.** 'આઠમું દિલ્હી' કાવ્યના રચયિતાનું નામ જણાવો.
(A) ઉમાશંકર
(B) કૃષ્ણલાલ શ્રીધરાણી
(C) રા.વિ. પાઠક
(D) ઝવેરચંદ મેઘાણી

**9.** નીચેનામાંથી કઈ રચના ઇન્દુલાલ ગાંધીની છે ?
(A) આંધળી માનો કાગળ
(B) શિવાજીનું હાલરડું
(C) કુંવરબાઈનું મામેરું
(D) કેસરભીના કંથ

**10.** નીચેનામાંથી કયો સંગ્રહ સુમન શાહનો નથી ?
(A) જેન્તી-હંસા સિમ્ફની
(B) અવરશું કેલુંબ
(C) ટોળું
(D) ફટફટિયું

11. ‘રૂપ’ સંગ્રહના કવિનું નામ જણાવો.
(A) પ્રિયકાન્ત મણિયાર
(B) નલિન રાવળ
(C) ગની દહીંવાલા
(D) અમૃત ઘાયલ

12. ‘પ્રિયંવદા’ સામયિકના સંપાદકનું નામ જણાવો.
(A) આનંદશંકર ધ્રુવ
(B) કેશવ ધ્રુવ
(C) વિજયરાય વૈદ્ય
(D) મણિલાલ દ્વિવેદી

13. ઐતિહાસિક દૃષ્ટિએ યોગ્ય ક્રમમાં ગોઠવો :
1. મણિલાલ – વિવેકાનંદ મિલન
2. હારમાળાનો પ્રસંગ
3. ‘સિદ્ધહેમ’ની ગજસવારી
4. દાંડીકૂચ
(A) 1 – 2 – 3 – 4
(B) 3 – 2 – 1 – 4
(C) 2 – 3 – 4 – 1
(D) 4 – 3 – 2 – 1

14. ઐતિહાસિક દૃષ્ટિએ યોગ્ય ક્રમમાં ગોઠવો :
1. ભણકાર
2. છંદોલય
3. કુસુમમાળા
4. વખાર
(A) 1 – 3 – 4 – 2
(B) 2 – 3 – 1 – 4
(C) 3 – 1 – 2 – 4
(D) 4 – 2 – 1 – 3

15. ઐતિહાસિક દૃષ્ટિએ યોગ્ય ક્રમમાં ગોઠવો :
1. ભોળી રે ભરવાડણ હરિને વેચવાને ચાલી રે....
2. ભલ્લા હુઆ જો મારિઆ બહિણિ માહરા કન્તુ
3. શ્યામ રંગ સમીપે ન જાવું મારે આ જ થકી
4. હે રામ, કોણે બનાવ્યો અમર ચરખો ?
(A) 2 – 1 – 4 – 3
(B) 4 – 2 – 1 – 3
(C) 3 – 2 – 1 – 4
(D) 1 – 3 – 4 – 2

16. ઐતિહાસિક દૃષ્ટિએ યોગ્ય ક્રમમાં ગોઠવો :
1. લલિતાદુ:ખદર્શક
2. ગુલાબ
3. તુળજીવૈધવ્ય ચિત્ર
4. ભaનું ભોપાળું
(A) 3 – 2 – 1 – 4
(B) 2 – 3 – 4 – 1
(C) 4 – 2 – 3 – 1
(D) 1 – 3 – 2 – 4

17. ઐતિહાસિક દૃષ્ટિએ યોગ્ય ક્રમમાં ગોઠવો :
1. સૉનેટ
2. ગઝલ
3. કરુણપ્રશસ્તિ
4. હાઈકુ
(A) 1 – 3 – 2 – 4
(B) 2 – 1 – 3 – 4
(C) 4 – 2 – 3 – 1
(D) 3 – 2 – 1 – 4

18. ઐતિહાસિક દૃષ્ટિએ યોગ્ય ક્રમમાં ગોઠવો :
1. જીવનનું પરોઢ
2. સૂરત મુજ ઘાયલ ભૂમિ
3. શિરીન મેડમ
4. આત્મકથાના ટુકડા
(A) 2 – 3 – 4 – 1
(B) 3 – 1 – 4 – 2
(C) 1 – 3 – 4 – 2
(D) 4 – 2 – 3 – 1

19. નીચેનામાંથી સાચું વિગતજૂથ દર્શાવો :
(A) ચન્દ્રકાન્ત બક્ષી : વાર્તાકાર, કવિ, આત્મકથાકાર
(B) જયંત ખત્રી : વાર્તાકાર, કવિ, આત્મકથાકાર
(C) ગુલાબદાસ બ્રોકર : વાર્તાકાર, કવિ, વિવેચક
(D) મધુ રાય : વાર્તાકાર, કવિ, નાટકકાર

20. નીચેનામાંથી સાચું વિગતજૂથ દર્શાવો :
(A) નલિન રાવળ : અનુગાંધી યુગ, કવિ, નાટકકાર
(B) હસમુખ પાઠક : અનુગાંધી યુગ, કવિ, નિબંધકાર
(C) રાજેન્દ્ર શાહ : અનુગાંધી યુગ, કવિ, અનુવાદક
(D) નિરંજન ભગત : આધુનિક યુગ, કવિ, નિબંધકાર

21. નીચેનામાંથી સાચું વિગતજૂથ દર્શાવો :
(A) ક : મહાપ્રાણ, વ્યંજન, કંઠ્ય
(B) છ : મહાપ્રાણ, સ્વર, દંત્ય
(C) ઢ : મહાપ્રાણ, વ્યંજન, મૂર્ધન્ય
(D) બ : મહાપ્રાણ, વ્યંજન, ઓષ્ઠ્ય

22. નીચેનામાંથી ખોટું વિગતજૂથ દર્શાવો :
(A) નર્મદ : કવિતા, નાટક, નવલકથા
(B) મહીપતરામ : પ્રવાસકથા, નવલકથા, સંપાદન
(C) નવલરામ : કવિતા, વિવેચન, રૂપાંતર
(D) નંદશંકર : નવલકથા, શિક્ષણ, સુધારક યુગ

23. નીચેનામાંથી ખોટું વિગતજૂથ દર્શાવો :
(A) સૌરાષ્ટ્રી : આંખ્ય, મોર્ય, વાંહે.
(B) સૂરતી : ગેલો, આવ્વાનો, ચામોદી.
(C) પટ્ટણી : દિયોર, ધૉણી, છેતર.
(D) ચરોતરી : હાલ્ય, બેસની, પૉણી.

24. નીચેનામાંથી ખોટું વિગતજૂથ દર્શાવો :
(A) ગઝલ :સૂફી, કાફિયા, મિસરા
(B) ગીત :ધ્રુવ, પ્રાસ, વલણ
(C) સૉનેટ :ચૌદ પંક્તિ, છંદ, વળાંક
(D) ખંડકાવ્ય:છંદ, નાટ્યાત્મકતા, ખ્યાત કથા

25. નીચેનામાંથી ખોટું વિગતજૂથ દર્શાવો :
(A) માનવીની ભવાઈ : કાળુ, મ્હાલી, નાનિયો
(B) ભદ્રંભદ્ર : દોલતશંકર, અંબારામ, હરજીવન
(C) સરસ્વતીચન્દ્ર : માનચતુર, ખલક, ધનબાઈ
(D) ગુજરાતનો નાથ : મુંજાલ, મીનળ, ત્રિભુવનપાલ

26. નીચેનામાંથી સાચું વિગતજૂથ દર્શાવો :
(A) રા.વિ. પાઠક : છેલ્લું દર્શન, સૌભાગ્યવતી, કાવ્યની શક્તિ
(B) ઝવેરચંદ મેઘાણી : છેલ્લો કટોરો, કમાઉ દીકરો, વહુ અને ઘોડો
(C) સુંદરમ્ : ભંગડી, મારી ચંપાનો વર, દક્ષિણાયન
(D) ઉમાશંકર જોશી : આત્માનાં ખંડેર, કૂતરાં, ગુલેપોલાંડ

27. નીચે આપેલાં વિધાનોની સત્યાસત્યતા તપાસો :
અ. રાજે કવિ મુસ્લિમ જ્ઞાતિના હતા.
બ. મીરાંબાઈના ગુરુનું નામ હરિદાસ હતું.
(A) અ ખોટું છે અને બ સાચું છે.
(B) અ અને બ બન્ને સાચાં છે.
(C) અ અને બ બન્ને ખોટાં છે.
(D) અ સાચું છે અને બ ખોટું છે.

28. નીચે આપેલાં વિધાનોની સત્યાસત્યતા તપાસો :
અ. 'ત્રિભુવનદીપકપ્રબંધ'ના કવિ જયશેખરસૂરિ છે.
બ. 'વસંતવિલાસ'ના કવિ અજ્ઞાત છે.
(A) અ સાચું છે અને બ ખોટું છે.
(B) અ ખોટું છે અને બ સાચું છે.
(C) અ અને બ બન્ને સાચાં છે.
(D) અ અને બ બન્ને ખોટાં છે.

29. નીચે આપેલાં વિધાનોની સત્યાસત્યતા તપાસો :
   અ. દલપતરામે 'સ્ત્રીસંભાષણ' નામનું નાટક લખ્યું છે.
   બ. નવલરામે 'વીરમતી' નામનું નાટક લખ્યું છે.
   (A) અ સાચું છે અને બ ખોટું છે.
   (B) બ સાચું છે અને અ ખોટું છે.
   (C) અ અને બ બન્ને સાચાં છે.
   (D) અ અને બ બન્ને ખોટાં છે.

30. નીચેનાં વિધાનોની સત્યાસત્યતા તપાસો :
   અ. નરસિંહરાવે 'મનોવિહાર' નામનો ગ્રંથ લખ્યો છે.
   બ. કાકાસાહેબ કાલેલકરે 'ભટકવાનો આનંદ' નામનો ગ્રંથ લખ્યો છે.
   (A) અ સાચું છે અને બ ખોટું છે.
   (B) અ ખોટું છે અને બ સાચું છે.
   (C) અ અને બ બન્ને સાચાં છે.
   (D) અ અને બ બન્ને ખોટાં છે.

31. નીચેનાં વિધાનોની સત્યાસત્યતા તપાસો :
   અ. 'પ્રત્યક્ષ'ના સંપાદક રમણ સોની છે.
   બ. 'ફાર્બસ ત્રૈમાસિક'ના સંપાદક સિતાંશુ યશશ્ચન્દ્ર છે.
   (A) અ સાચું છે અને બ ખોટું છે.
   (B) અ ખોટું છે અને બ સાચું છે.
   (C) અ અને બ બન્ને સાચાં છે.
   (D) અ અને બ બન્ને ખોટાં છે.

32. નીચેનાં વિધાનોની સત્યાસત્યતા તપાસો :
   અ. વર્ષા અડાલજાએ 'ક્યાં છે કારાગાર ?' નામે નાટક લખ્યું છે.
   બ. મધુ રાયે ક્કનવલશા હીરજીક્ર નામે નાટક લખ્યું છે.
   (A) અ સાચું છે અને બ ખોટું છે.
   (B) અ ખોટું છે અને બ સાચું છે.
   (C) અ અને બ બન્ને સાચાં છે.
   (D) અ અને બ બન્ને ખોટાં છે.

33. નીચેનાં વિધાનોની કાર્યકારણ દૃષ્ટિએ સત્યાસત્યતા તપાસો :
   A. અનન્વય અલંકારમાં ઉપમાન હોતું નથી.
   R. કારણ કે અનન્વય શબ્દાલંકાર છે.
   (A) A સાચું છે અને R ખોટું છે.
   (B) A ખોટું છે અને R સાચું છે.
   (C) A અને R બન્ને સાચાં છે.
   (D) A અને R બન્ને ખોટાં છે.

34. નીચેનાં વિધાનોની કાર્યકારણ દૃષ્ટિએ સત્યાસત્યતા તપાસો :
   A. 'ગુજરાતનો નાથ'ના મુંજાલને આર્યાવર્તના એકત્વમાં રસ હતો.
   R. કારણ કે એ આર્યાવર્તની અસ્મિતાનો આગ્રહી હતો.
   (A) A સાચું છે અને R ખોટું છે.
   (B) A ખોટું છે અને R સાચું છે.
   (C) A અને R બન્ને સાચાં છે.
   (D) A અને R બન્ને ખોટાં છે.

35. નીચેનાં વિધાનોની કાર્યકારણ દૃષ્ટિએ સત્યાસત્યતા તપાસો :
   A. મીરાંબાઈ 'કાળો કામળો' ઓઢવા માગે છે.
   R. કારણ કે કાળામાં 'બીજો ડાઘ' લાગતો નથી.
   (A) A સાચું છે અને R ખોટું છે.
   (B) A ખોટું છે અને R સાચું છે.
   (C) A અને R બન્ને સાચાં છે.
   (D) A અને R બન્ને ખોટાં છે.

36. બન્ને યાદીઓની વિગતો સરખાવી ખરાં જોડકાંનું જૂથ દર્શાવો :

| **યાદી-I** | **યાદી-II** |
|---|---|
| a. રાજેન્દ્ર શાહ | 1. લલિત |
| b. જન્મશંકર બૂચ | 2. પતીલ |
| c. રતિલાલ રૂપાવાળા | 3. રામ વૃંદાવની |
| d. મગનભાઈ પટેલ | 4. અનિલ |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 1 | 2 | 3 | 4 |
| (B) | 3 | 1 | 4 | 2 |
| (C) | 4 | 3 | 2 | 1 |
| (D) | 2 | 4 | 1 | 3 |

37. બન્ને યાદીઓની વિગતો સરખાવી ખરાં જોડકાંનું જૂથ દર્શાવો :

| યાદી-I | યાદી-II |
|---|---|
| a. 1866 | 1. કુસુમમાળા |
| b. 1913 | 2. કરણઘેલો |
| c. 1887 | 3. ગૃહપ્રવેશ |
| d. 1957 | 4. રાઈનો પર્વત |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 1 | 2 | 3 | 4 |
| (B) | 4 | 3 | 2 | 1 |
| (C) | 3 | 1 | 4 | 2 |
| (D) | 2 | 4 | 1 | 3 |

38. બન્ને યાદીઓની વિગતો સરખાવી ખરાં જોડકાંનું જૂથ દર્શાવો :

| યાદી-I | યાદી-II |
|---|---|
| a. પ્રાચીન કાવ્યમાળા | 1. હીરાબહેન પાઠક |
| b. જૈન ગુર્જર કવિઓ | 2. બળવંત જાની |
| c. રામવિવાહ આખ્યાન | 3. જયંત કોઠારી |
| d. ચંદ્રચંદ્રાવતીની વાર્તા | 4. હરગોવિંદદાસ કાંટાવાળા |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 4 | 3 | 2 | 1 |
| (B) | 3 | 2 | 1 | 4 |
| (C) | 2 | 1 | 4 | 3 |
| (D) | 1 | 4 | 3 | 2 |

39. બન્ને યાદીઓની વિગતો સરખાવી ખરાં જોડકાંનું જૂથ દર્શાવો :

| યાદી-I | યાદી-II |
|---|---|
| a. આમ થાકી જવું | 1. હરિકૃષ્ણ પાઠક |
| b. નટુભાઈને તો જલસા છે. | 2. અનિલ વ્યાસ |
| c. અમારું માણસ | 3. બિપિન પટેલ |
| d. જે કોઈ પ્રેમઅંશ | 4. કિરીટ દૂધાત |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 1 | 2 | 3 | 4 |
| (B) | 2 | 3 | 4 | 1 |
| (C) | 4 | 1 | 2 | 3 |
| (D) | 3 | 4 | 1 | 2 |

40. બન્ને યાદીઓની વિગતો સરખાવી ખરાં જોડકાંનું જૂથ દર્શાવો :

| યાદી-I | યાદી-II |
|---|---|
| a. પ્રત્યગ્ચા | 1. સુરેશ જોશી |
| b. કાન્ત તારી રાણી | 2. ચન્દ્રકાંત ટોપીવાળા |
| c. અથવા | 3. ગુલામ મોહમ્મદ શેખ |
| d. વાતાયન | 4. ચિનુ મોદી |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 1 | 2 | 3 | 4 |
| (B) | 4 | 3 | 2 | 1 |
| (C) | 3 | 4 | 1 | 2 |
| (D) | 2 | 1 | 4 | 3 |

41. બન્ને યાદીઓની વિગતો સરખાવી ખરાં જોડકાંનું જૂથ દર્શાવો :

| યાદી-I | યાદી-II |
|---|---|
| a. ઉત્તમ કપોળ કરસનદાસ મૂળજી | 1. ક.મા. મુનશી |
| b. નરસૈંયો ભક્ત હરિનો | 2. વિષ્ણુ પંડ્યા |
| c. સંતોના અનુજ | 3. મહીપતરામ નીલકંઠ |
| d. જીવનસાધકની વિમલયાત્રા | 4. સ્વામી આનંદ |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 4 | 3 | 1 | 2 |
| (B) | 3 | 1 | 4 | 2 |
| (C) | 2 | 3 | 1 | 4 |
| (D) | 1 | 2 | 3 | 4 |

42. બન્ને યાદીઓની વિગતો સરખાવી ખરાં જોડકાંનું જૂથ દર્શાવો :

| યાદી-I | યાદી-II |
|---|---|
| a. પાર્શ્વિક | 1. ર |
| b. પ્રકંપી | 2. ઢ |
| c. સંઘર્ષી | 3. લ |
| d. ઉત્ક્ષિપ્ત | 4. ઝ |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 1 | 3 | 2 | 4 |
| (B) | 4 | 2 | 1 | 3 |
| (C) | 2 | 4 | 3 | 1 |
| (D) | 3 | 1 | 4 | 2 |

**43.** બન્ને યાદીઓની વિગતો સરખાવી ખરાં જોડકાંનું જૂથ દર્શાવો :

| | **યાદી-I** | **યાદી-II** |
|---|---|---|
| a. | વીણાવેલી | 1. ગુલફામ |
| b. | સૌભાગ્યસુંદરી | 2. પ્રભુલાલ દ્વિવેદી |
| c. | માલવપતિ મુંજ | 3. મૂળશંકર મુલાણી |
| d. | કુંવારું મંડળ | 4. ડાહ્યાભાઈ ધોળશાજી |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 1 | 2 | 3 | 4 |
| (B) | 2 | 4 | 3 | 1 |
| (C) | 4 | 3 | 2 | 1 |
| (D) | 3 | 1 | 4 | 2 |

**44.** બન્ને યાદીઓની વિગતો સરખાવી ખરાં જોડકાંનું જૂથ દર્શાવો :

| | **યાદી-I** | **યાદી-II** |
|---|---|---|
| a. | ભૂંસાતાં ગ્રામચિત્રો | 1. રામચન્દ્ર પટેલ |
| b. | પોતપોતાનો વરસાદ | 2. મણિલાલ પટેલ |
| c. | માટી અને મોભ | 3. વીનેશ અંતાણી |
| d. | આનંદલોક | 4. રતિલાલ બોરીસાગર |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 2 | 3 | 1 | 4 |
| (B) | 3 | 2 | 4 | 1 |
| (C) | 4 | 3 | 1 | 2 |
| (D) | 1 | 4 | 3 | 2 |

**45.** બન્ને યાદીઓની વિગતો સરખાવી ખરાં જોડકાંનું જૂથ દર્શાવો :

| | **યાદી-I** | **યાદી-II** |
|---|---|---|
| a. | વસુંધરા | 1. અવ્યયીભાવ |
| b. | ધાડપાડુ | 2. મધ્યમપદલોપી |
| c. | પ્રતિદિન | 3. ઉપપદ |
| d. | ટપાલપેટી | 4. અલુક્ |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 3 | 2 | 4 | 1 |
| (B) | 4 | 3 | 1 | 2 |
| (C) | 2 | 1 | 3 | 4 |
| (D) | 1 | 4 | 2 | 3 |

ગદ્યખંડ વાંચી, એની નીચે લખેલા ઉત્તરોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો :

કલામાત્રનો પ્રધાન વિષય માનવ છે. યુગેયુગે કળા માનવની છબિ ઉપસાવી આપવાનું કામ કરતી આવી છે. નવલકથાકાર આ જ કામ એની વિશિષ્ટ રીતે કરતો હોય છે. નવલકથાની નિરૂપણ પદ્ધતિના મુખ્ય બે વિભાગો પાડીએ તો એકમાં ઘટનાઓનું પ્રાબલ્ય વર્તાય છે. અદ્‌ભુતનો પુટ આપેલો શૃંગાર, વીર – આ એના મુખ્ય રસ. આથી એમાં પ્રેમ અને શૌર્ય મુખ્ય ભાગ ભજવે છે; ભાગ્યની ચડતીપડતી કાર્યવેગમાં સંઘાતપ્રતિ-ઘાતના તુમુલ આવર્તો ઉપજાવે છે. એનો તરસ્વી વેગ પાત્રનાં આગવાં વ્યક્તિત્વને ઝાઝાં સ્ફુટ કરવાનેય થંભતો નથી. બીજી પદ્ધતિમાં ઘટનાઓની ધમાચકડી હોતી નથી. શી ઘટના બને છે એના કરતાં ઘટના કઈ રીતે બને છે એ તરફ એમાં આપણું ધ્યાન ખેંચાતું હોય છે; ઉદ્દામ આવેગોના વમળમાં આપણે ચકરી ખાતા નથી એમાં આપણે દૃષ્ટિને સ્થિર રાખીને ચારે દિશાને જોવા મથીએ છીએ; રેખા સાથે રેખાને ગોઠવીને આખું ચિત્ર ઉપસાવવા પ્રેરાઈએ છીએ. આથી એમાં પાત્ર અને એનાં કાર્ય અસાધારણ હોય એવી અપેક્ષા રહેતી નથી. સાધારણ લાગતી સામગ્રીમાંથી સંવિધાનને પ્રતાપે અસાધારણનો સાક્ષાત્કાર થઈ શકે છે. છાપું વાંચવાથી થતો આનંદ તે રસાસ્વાદનો આનંદ નથી હોતો.

**46.** પ્રશ્ન : ગદ્યખંડમાં મુખ્યત્વે કયા વિષયની વાત કરવામાં આવી છે ?
(A) માનવની (B) કળાની
(C) નવલકથાની (D) પાત્રોની

**47.** પ્રશ્ન : ગદ્યખંડમાં નવલકથાની નિરૂપણ પદ્ધતિના કેટલા પ્રકાર દર્શાવ્યા છે ?
(A) એક (B) બે
(C) ત્રણ (D) ચાર

**48.** પ્રશ્ન : નવલકથાની પ્રથમ પદ્ધતિમાં લેખક શેનો નિર્દેશ કરે છે ?
(A) પાત્રોનો (B) કથાનો
(C) વર્ણનોનો (D) ઘટનાનો

**49.** પ્રશ્ન : નવલકથાની દ્વિતીય પદ્ધતિમાં લેખક શેને મહત્ત્વ આપે છે ?
(A) સંવિધાન (B) તુમુલ આવર્તો
(C) તરસ્વી વેગ (D) ઉદ્દામ આવેગો

**50.** પ્રશ્ન : કળાનો સંબંધ શેની સાથે છે ?
(A) રસ (B) માનવ
(C) સંઘાત-પ્રતિઘાત (D) સામગ્રી

**Space for Rough Work**